# બંગાળની ખાડી અને અરબ સાગરમાં આવતાં ચક્રવાતને 13 દેશો દ્વારા વારાફરતી નામ અપાય છે

બંગાળની ખાડી એવો દરિયો બની ગઈ છે કે જ્યાં વારંવાર ચક્રવાત કે વાવાઝોડા આવતા જ રહે છે. હાલમાં મોન્થા નામનું વાવાઝોડું દક્ષિણ ભારતમાં આંધ્રપ્રદેશ અને તમિલનાડુને ધમરોળી રહ્યું છે. 110 કિ.મી.ની ઝડપે પવનો ફુંકાઈ રહ્યા છે અને આશરે એક લાખ લોકોને સલામત સ્થળે ખસેડવા પડ્યા છે. અનેક લોકોના મોત પણ થયા છે. છેલ્લા એક જ વર્ષમાં બંગાળની ખાડીમાંથી આશરે ચારેક જેટલા વાવાઝોડા આવી ચૂક્યા છે. અગાઉ ઓગષ્ટ, 2024માં બંગાળની ખાડીમાં આવેલા વાવાઝોડાને અસના એટલે કે પ્રશંસનીય નામ આપવામાં આવ્યું હતું. બાદમાં ઓક્ટોબરમાં દાના એટલે કે ઉદારતા નામ આપવામાં આવ્યું હતું. બાદમાં નવેમ્બરમાં ફેંગલ એટલે કે ઉદાસીન નામનું વાવાઝોડું આવ્યું. હાલમાં જે વાવાઝોડું આવ્યું તેને મોન્થા નામ આપવામાં આવ્યું અને તેનો અર્થ સુગંધિત ફુલ થાય છે. જ્યારે પણ ચક્રવાત આવે ત્યારે તે ગરમ સમુદ્રની ઉપર રચાય છે. આ ચક્રવાત જમીન પર આવે ત્યારે તેની સાથે ભારે પવનો અને વરસાદ પણ લાવે છે. વાવાઝોડાને નામો આપવાની પ્રથા સદીઓથી ચાલી રહી છે. 18મી સદી સુધી સાઇક્લોનના નામ કેથલિક સંતોનાં નામ પર રાખવામાં આવતાં હતાં. 19મી સદીમાં સ્ત્રીઓનાં નામ પર સાઇક્લોનના નામ રાખવાનું શરૂ થયું. 1979થી એમને પુરુષ નામ પણ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. 2000માં સંયુક્ત રાષ્ટ્રના 'ઇકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ પેસિફિક' એટલે કે ESCAP અને WMOએ બંગાળની ખાડી અને અરબ સાગરમાં આવતા ચક્રવાતોનાં નામ રાખવાની એક પદ્ધતિ શરૂ કરી. સપ્ટેમ્બર 2004થી આ વિસ્તારમાં તોફાનોને નામ આપવાનું શરૂ થયું.

આ વાવાઝોડાને નામ આપનારા બાંગ્લાદેશ, ભારત, માલદીવ્સ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઇલેન્ડ સહિતના 8 દેશો છે. આ 8 દેશે કુલ 64 નામ આપ્યાં હતા. જે 2018 સુધી ચાલ્યાં હતાં. 2018માં આ 8 દેશોમાં વધુ 5 દેશ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, યુએઈ અને યમનનો સમાવેશ પણ કરવામાં આવ્યો. આ તમામ 13 દેશ પોતાના નામની શરૂઆતના આલ્ફાબેટ મુજબ વધતા ક્રમમાં નામ આપે છે. આ વખતે મોન્થા નામ પણ થાઈલેન્ડ દ્વારા આપવામાં આવ્યું છે. જોવા જેવી વાત છે કે ભારતના પૂર્વી તટ અથવા બંગાળની ખાડીમાં 1891થી 1990 સુધી લગભગ 100 વર્ષમાં આશરે 262 સાઈક્લોન આવ્યા હતા. જેમાંથી અરબ સાગરમાં ફક્ત 33 સાઇક્લોન જ આવ્યા હતા. કારણ કે બંગાળની ખાડીના સમુદ્રનું પાણીનું તાપમાન અરબ સાગર કરતાં વધારે છે.

## સોમવાર એક નવી શરૂઆત




દર રવિવારે રાત્રે રોહનને થાય કે 'કાશ, આ સોમવાર ક્યારેય આવે જ નહિ તો સારું. સોમવાર આવે એટલે ભાગદોડ શરૂ,વહેલાં ઊઠો, ટ્રેન પકડો, ટ્રાફિકમાં ઓફિસ પહોંચો, ત્યાં કામના ઢગલા અને વળી બોસનો ગુસ્સો. આ બધાને કારણે તે સોમવારને નફરત કરતો. સોમવાર આવે તે પહેલાં રવિવારની રાતથી જ તેનો મૂડ ખરાબ થઈ જતો.

એક સોમવારે તે સવારે ભરી મનથી ઊઠ્યો અને ફટાફટ તૈયાર થવા લાગ્યો. તેની મમ્મીએ કહ્યું, ''રોહન તારો ફેવરીટ નાસ્તો બનાવ્યો છે. જલ્દી નાસ્તો કરવા બેસ.'' રોહનનો મૂડ ખરાબ હતો એટલે તે ગુસ્સે થઇ ગયો અને બોલ્યો, ''મમ્મી, તને શું ખબર આજે સોમવાર છે એટલે દિવસ જ ખરાબ ...તેમાં

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

ઓફિસમાં કેટલું કામ છે અને મને મોડું થઇ ગયું છે તેમાં તું નાસ્તાની લપ કરે છે.'' મમ્મીએ પ્રેમથી કહ્યું, ''અરે દિવસ ખરાબ છે તો તેને સારો બનાવી દે.મને ખબર છે સોમવાર તને ગમતો નથી અને તારો મૂડ ખરાબ હોય છે એટલે તારા મૂડને સારો કરવા જ મેં તારા ફેવરીટ આલુ પરાઠા બનાવ્યા છે.'' રોહને કહ્યું, ''એમ દિવસ સારો બનાવવો કંઈ સહેલો નથી.'' મમ્મીએ કહ્યું, ''સહેલું છે કે નહિ તે ખબર નથી પણ શક્ય ચોક્કસ છે. દરેક દિવસ આપના મનનું પ્રતિબિંબ હોય છે. જો મન ભરી કે ઉદાસ તો દિવસ સોમવાર હોય કે બુધવાર એવો જ ભારી જ લાગશે, પરંતુ જો મન ખુશ હશે તો સોમવાર સફળતાની એક નવી શરૂઆત બની જશે.'' તે દિવસે આલુ પરાઠાનો નાસ્તો કરતાં રોહને નક્કી કર્યું કે તે પોતાના મનના વિચારો બદલશે. તે ગીત સાંભળતાં સાંભળતાં ઓફીસ પહોંચ્યો. ઓફિસમાં જોયું તો તેના બધા સાથીઓ થાકેલાં અને કંટાળેલાં બેઠાં હતાં. રોહને બધાને હસીને કહ્યું, ''ગુડ મોર્નિંગ દોસ્તો. ચાલો, આજે અઠવાડિયાની શરૂઆત સરસ રીતે કરીએ.'' પહેલાં બધા ચોંક્યાં પણ ધીરે ધીરે બધાનો મૂડ સારો થવા લાગ્યો. રોહને પોતાની ટીમ સાથે પ્રોજેક્ટ મીટીંગ શરૂ કરી, કોની શું ભૂલ છે તે શોધી ભૂલ પર ખીજાવા કરતાં તેણે ભૂલનું નિરાકરણ શોધવા પર ધ્યાન આપ્યું. તે ટીમમાં કોઈને ન ખિજાયો તો તેના બોસ પણ તેને ખીજાયા નહિ. ઊલટું તેને ઓફિસમાં લાવેલા જોશ માટે તેના વખાણ કર્યાં. સાંજે ઘરે તે ખુશખુશાલ પહોંચ્યો અને મમ્મીને ભેટી પડ્યો, મમ્મીએ કહ્યું, ''કેવો રહ્યો સોમવાર?'' રોહને કહ્યું, ''મમ્મી, આજે સોમવાર સરસ ગયો, કદાચ સોમવાર તો બધા સારા જ હતા. મારા મનના વિચારો જ ખોટા હતા.'' મમ્મીએ કહ્યું, ''આ માત્ર સોમવારનું નહિ જીવનની હકીકત છે. કોઈ દિવસ કોઈ સ્થિતિ , કોઈ વ્યકિત ખરાબ હોતું જ નથી. બસ, આપના વિચારો સારા હોવા જોઈએ.'' રોહને કહ્યું, ''મમ્મી, આજથી સોમવારની 'એક નવી શરૂઆત' જ કહીશ.''

# ખોવાયેલી વીંટી ક્યાં શોધાય? અજવાળું હોય ત્યાં

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

**છેલ્લા બે દાયકામાં વિશ્વભરમાં લાલ પાન્ડાની વસતિમાં પચાસ ટકા જેટલો, અધધ કહી શકાય એવો ઘટાડો થયો છે. એક અંદાજ મુજબ કેવળ 2,500 જેટલા લાલ પાન્ડા જ રહી જશે. આઈ.યુ.સી.એન. દ્વારા આ પ્રાણીને સંકટગ્રસ્ત પ્રજાતિઓની યાદીમાં મૂકવામાં આવ્યું છે**

કથની એની એ જ છે. બદલાય છે ફક્ત નામ. પહેલાં આડેધડ નિકંદન, એ પ્રજાતિના અસ્તિત્વ પર આવી જતું જોખમ અને એનું ભાન થયા પછી શરૂ થતાં એની જાળવણીના કે બચાવના પ્રયાસો અને એને માટે વર્ષના કોઈ ચોક્કસ દિવસની ઉજવણી. માનવજાત 'સભ્ય અને સુસંકૃત' બન્યો ત્યારથી જીવોની વિવિધ પ્રજાતિઓની આ જ કરમકહાણી લખાતી આવી છે. ચાહે એ પ્રજાતિ વનસ્પતિની હોય કે કોઈ પશુ યા પક્ષીની. આ વખતે ભોગ બનનાર પશુનું નામ છે લાલ પાન્ડા, જે ફાયરફોક્સ તરીકે પણ ઓળખાય છે. દર વર્ષે સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે 'આંતરરાષ્ટ્રીય લાલ પાન્ડા દિન'ની ઉજવણી કરવામાં આવે છે અને એ મુજબ વર્તમાન વર્ષનો એ દિવસ 20 સપ્ટેમ્બરના રોજ ઊજવાયો. તેનું બાહ્ય,સીધુંસાદું વર્ણન વાંચતાંય જાણે કે કોઈક વાર્તાના પાત્રનું વર્ણન હોય એમ જ લાગે. એક સાઈટ પર તેનું વર્ણન આમ છે: નાનું છતાં આકર્ષક પ્રાણી, લાલ રંગના ફરથી લપેટાયેલું, એટલું જીવંત કે પોતાના જ્વલંત આકર્ષણથી જંગલોના અંધકારને ઝગમગાવી શકે છે. અંધકારના આવરણથી ઘેરાયેલી તેની આંખોમાં સદીઓ જૂનું રહસ્ય છુપાયેલું જણાય, જાણે કે અનાદિ કાળથી તેઓ ગાઢ જંગલોમાં છાયાપ્રકાશના નર્તનના સાક્ષી ન રહ્યા હોય!

આવું વર્ણન ધરાવતું આ ચોપગું અનેક વિલક્ષણતાઓ ધરાવે છે અને તેને કારણે તે બીજાં પ્રાણીઓથી નોખું પડે છે. તેની સૌથી મોટી તેના મોં પરની અભિવ્યક્તિસૂચક નિશાનીઓ છે. આંખોની ફરતે ઘેરા રંગની અને ગાલ પર સફેદ રુંવાટી જાણે કે તેણે કોઈ મહોરું પહેર્યાનો આભાસ ઊભો કરે છે. તેના ચહેરાની સુંદરતામાં વધારો કરવા ઉપરાંત આ રુંવાટી તેને સૂર્યપ્રકાશની તીવ્રતા ઘટાડવામાં પણ મદદરૂપ બને છે. તેઓ વન્ય વાતાવરણમાં વધુ સ્પષ્ટ રીતે જોઈ શકે છે. તેમના પગના પંજા આંશિક રીતે પાછા ખેંચી શકાય એવા અને પગની ઘૂંટીઓ લવચીક હોવાથી તે બહુ ચપળતાથી ઝાડ પર ચડી શકે છે. આને કારણે તે શિકારી પશુઓથી બચી શકે છે.

અલબત્ત, શિકારી પશુઓથી તે બચી શકે એ પ્રાકૃતિક જોગવાઈ છે, પણ શિકારી મનુષ્યોની નજરમાંથી તે બચી શકતું નથી. તેનો દેખાવ, લાલ રુંવાટીવાળી ત્વચા તેના જાનની દુશ્મન બની રહે છે. આ ત્વચાની ભારે માંગ છે અને તે કાળા બજારમાં વેચાય છે. આ પ્રાણીનું અસ્તિત્વ જોખમાવાનું આ એક કારણ ખરું પણ એક માત્ર નહીં. બીજું કારણ છે તેના નૈસર્ગિક આવાસનું નષ્ટ થવું. વનવિનાશ, કૃષિપ્રવૃત્તિઓ અને વિકાસયોજનાઓને કારણે લાલ પાન્ડાના નૈસર્ગિક આવાસ નાશ પામતા રહ્યા છે. આથી સુયોગ્ય આહાર અને સાથીઓ મેળવવામાં મુશ્કેલી વધી રહી છે. છેલ્લા બે દાયકામાં વિશ્વભરમાં લાલ પાન્ડાની વસતિમાં પચાસ ટકા જેટલો, અધધ કહી શકાય એવો ઘટાડો થયો છે. એક અંદાજ મુજબ કેવળ 2,500 જેટલા લાલ પાન્ડા જ રહી જશે. 'ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર' (આઈ.યુ.સી.એન.) દ્વારા આ પ્રાણીને સંકટગ્રસ્ત પ્રજાતિઓની યાદીમાં મૂકવામાં આવ્યું છે. ભારતમાં આ પ્રાણી પૂર્વ હિમાલયના વિસ્તારોમાં જોવા મળે છે. મોટે ભાગે તે સમૂહમાં નહીં, પણ એકાકી જીવન જીવે છે. પ્રજનનની મોસમ દરમિયાન તે અન્યો સાથે જોવા મળે છે. તેના આહારમાં મુખ્યત્વે વાંસ, પાંદડાં, ઠળિયાંવાળાં રસદાર ફળો અને કદીક નાનાં ઉંદર કે ખિસકોલાં યા જીવજંતુ હોય છે. આહારની દૃષ્ટિએ તેમનું સામ્ય તેમની જ પ્રજાતિના જાયન્ટ પાન્ડા સાથે છે અને કેટલાક વિસ્તારોમાં તેમના આવાસ પણ સાથે હોય છે. હવે આડેધડ થઈ રહેલી વિકાસયોજનાઓએ તેમના આવાસનાં સ્થાનો પર જોખમ ઊભું કર્યું છે.

પોતાની પ્રકૃતિ અનુસાર, હવે માનવને આ પ્રજાતિ પર તોળાઈ રહેલા અસ્તિત્વના ખતરાની જાણ થતાં તેના સંવર્ધન માટેના પ્રયાસો આદર્યા છે. વિવિધ સંસ્થાઓ, સરકાર અને સ્થાનિકો લાલ પાન્ડાની વસતિ અને તેના આવાસના સંરક્ષણ માટે સક્રિય બન્યા છે અને વિવિધ વ્યૂહરચનાઓ અમલી કરી છે.

એક તો એ કે જે વિસ્તારોમાં લાલ પાન્ડા મળી આવતાં હોય ત્યાં રક્ષિત વિસ્તારો કે રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવાં યા જાળવવાં. આને કારણે તેમના આવાસની જાળવણી થશે અને શિકારનું જોખમ ઘટશે. પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં આવેલો સીંગાલીલા રાષ્ટ્રીય ઉદ્યાન અને ચીનનું વોલોન્ગ નેશનલ નેચર રિઝર્વ આનાં નોંધપાત્ર ઉદાહરણ ગણાવી શકાય.

આવાસના પુનઃસ્થાપન માટે પુનઃવનીકરણ, વાંસઉછેર તેમજ છૂટાછવાયાં આવાસસ્થાનોને જોડતાં વન્ય પશુ કોરિડોર ઊભા કરવાના પ્રયત્નોનો સમાવેશ થાય છે. આવા કોરિડોર થકી લાલ પાન્ડા સલામતિપૂર્વક અવરજવર કરી શકે છે. જો કે, સૌથી મોટું જોખમ તેમના શિકારનું છે. કેવળ કાયદાથી તેને પ્રતિબંધિત કરી શકાય એમ નથી. ગેરકાયદે શિકારનું નેટવર્ક વિશ્વવ્યાપી છે. શિકારને પ્રતિબંધિત કરતા અનેક કાયદા છે. આમ છતાં, તે શિકારીઓને નિયંત્રિત કરવામાં અપૂરતા નીવડતા જણાય છે. છેવટે વાત સ્થાનિકો તેમજ પ્રવાસીઓની આ મુદ્દે જાગૃતિ અને સમર્થન પર આવીને અટકે છે. આ પણ કેવી વક્રતા છે! જાગૃતિના વિવિધ કાર્યક્રમો કરવાથી, તેનો પ્રચાર કરવાથી તેમજ એ અંગેની ઝુંબેશ ચલાવવાથી લાલ પાન્ડા બચી જશે? 'વાઈલ્ડલાઈફ ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો ઓફ નેપાળ'ના જણાવ્યા અનુસાર, વન્ય જીવોને લગતા ગુનાઓ પૈકીના 90 ટકા ગુનાઓ કદી નોંધાતા નથી. અલબત્ત, આ વાત નેપાળની છે, લાલ પાન્ડાને બચાવવાના પ્રયત્નો જોઈને પોતાની ખોવાઈ ગયેલી વીંટીને એ પડી ગઈ ત્યાં શોધવાને બદલે જ્યાં અજવાળું હોય એવા સ્થાને શોધતાં માણસના ટુચકાની યાદ આવે છે. આશ્વાસન લેવું હોય તો એટલું લઈ શકાય એમ છે કે ભલે એવા તો એવા, પણ પ્રયત્નો થઈ રહ્યા છે ખરા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# આપ માટે વકરો તેટલો નફો પણ કૉંગ્રેસ માટે ખતરાની ઘંટી, ભાજપ બિલાડી ને વાંદરો વાર્તા કેવી રીતે અમલમાં મૂકે એ પર ભાવિ નિર્ભર

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

**મતદારના હાથમાં 'બકરું હોય તેને વારંવાર કૂતરું છે, કૂતરું છે' એમ કહી ફેંકાવી દેવામાં આમ આદમી પાર્ટીની વિસાવદરવાળી કે પછી વસોયાવાળી કૂટનીતિ ગુજરાતની પ્રજા હજુ પણ નહીં સમજે તો ફરી પાછી ભાજપને પાંચ વર્ષ માટે સત્તાના સિંહાસને બેસાડશે**

વિસાવદરની ચૂંટણી આવી અને ગઈ. વિસાવદરમાં ભારતીય જનતા પાર્ટીએ આખી ફોજ ઊતારી અને આમ છતાં આ ફોજ અને બેફામ નાણાંકીય સાધનો ઉપર આપના ગોપાલ ઈટાલિયા ભારે પડ્યા. આ બધું હવે ઈતિહાસ થઈ ગયું છે એટલે એની વધુ કડાકૂટમાં પડતો નથી. હર્બટ સ્પેન્સર નામના એક મોટા ઈતિહાસવિદ્ થઈ ગયા. એણે કહ્યું છે કે, 'ઈતિહાસનો જો કોઈ સૌથી મોટો પદાર્થપાઠ અથવા બોધ હોય તો એવો છે કે, માણસ ઈતિહાસમાંથી કશું શીખતો નથી.' ત્યારે સૌરાષ્ટ્રમાં મૂળ નાખી રહેલી આમ આદમી પાર્ટી એમના માટે ભારતીય જનતા પાર્ટીનું નુકસાન કરતાં એનાં ગલગલિયાં થતાં હશે પણ એ આખોય વિચાર કેટલો ખોટી દિશાનો છે અને એનો પર્દાફાશ વિસાવદરનાં પરિણામો કરે છે. આજે એની વાત કરવી છે.

આખીયે વાતને સમજવા માટે વિસાવદરની પેટાચૂંટણીમાં આપ, કોંગ્રેસ તેમજ ભાજપનો દેખાવ કેવો રહ્યો તે સમજવું ખૂબ જ ઉપયોગી થઈ પડશે. ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિસાવદર મત વિસ્તારમાંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભૂપત ભાયાણી જીત્યા હતા. તે સમયે કોંગ્રેસ અને બીજેપી બંને પક્ષો આ ચૂંટણી હારી ગયા હતા. આમ વિસાવદરની પેટાચૂંટણી આવી તે પહેલાં ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીમાં વિસાવદર મતવિસ્તારમાંથી આમ આદમી પાર્ટી વિજયી થઈ હતી.

હવે આવીએ અગત્યની અને મૂળ વાત પર. આ વાત છે, ૨૦૨૫ની વિધાનસભાની પેટાચૂંટણી અંગેની. વિસાવદર મતવિસ્તાર માટે આપના ગોપાલ ઈટાલિયા ૫૧.૦૪ ટકા મત સાથે વિજયી થયા. બીજા નંબરે ભાજપના કિરીટ પટેલ ૩૯.૨૪ ટકા મત સાથે આવ્યા અને છેલ્લા નંબરે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર નીતિન રાણપરિયા નગણ્ય કહી શકાય એવા ૩.૭ ટકા મત મેળવી ગયા. આ આંકડા ઈલેક્શન કમિશનના જૂન, ૨૦૨૫માં થયેલ વિસાવદર પેટાચૂંટણીમાંથી લીધા છે. આગળ સંશોધન કરતાં ત્રણેય પક્ષોને વિસાવદર વિધાનસભાની ચૂંટણીઓમાં કેટલા મત મળ્યા તેની સરખામણી કરીએ તો અધિકૃત ડેટા પરથી નીચે પ્રમાણેની વિગતો મળે છે:

મૂળ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ૪૦.૩૬ ટકા મત મળ્યા હતા, જ્યારે પેટાચૂંટણીમાં ૩૯.૨૪ ટકા એટલે કે માત્ર ૧.૦૬ ટકા ઓછા મળ્યા છે. એનો સીધો અર્થ એ થાય કે આપના આટલા ઝંઝાવાત વચ્ચે પણ ભાજપના મતમાં ધોવાણ થયું નથી અને મહદ્ અંશે ભાજપે જે તાકાત સામે લગાડી હતી તે એના ઉમેદવારને જીતના કિનારા સુધી લઈ આવી છે.

આની સામે અગાઉની ચૂંટણીમાં કૉંગ્રેસના ૧૧.૫૭ મત મળ્યા હતા તેનું ધોવાણ થઈને માત્ર ૩.૭ ટકા જેટલા રહ્યા. આમ આદમી સૌરાષ્ટ્રમાં જો ત્રીજા બળ તરીકે ઉપસે તો સૌથી મોટી ચિંતા કૉંગ્રેસે કરવાની જરૂર છે, કારણ કે અગાઉની વિધાનસભાની ચૂંટણીની માફક આ વખતે પણ આપએ કોંગ્રેસની મતબૅન્કમાં જ ગાબડું પાડ્યું છે, એટલે ન કરે નારાયણ અને વળી પાછો કૉંગ્રેસ, ભાજપ અને આપ વચ્ચે ત્રિકોણિયો જંગ થાય તો કોંગ્રેસની નબળી સીટોના મત ભારતીય જનતા પાર્ટી તરફ વળે અને થોડાક આપ પણ લઈ જાય. આથી ઊલટું જ્યાં કૉંગ્રેસ મજબૂત હોય ત્યાં આપ કોંગ્રેસના મત તોડશે. ભાજપના વ્યૂહરચનાકારોએ આ પ્રકારની રચના ગોઠવાય તેવું ગોઠવ્યું હોય તો ચોક્કસ રીતે આપ ભાજપની બી ટીમ પુરવાર થશે.

આમ, આમ આદમી પાર્ટી કોંગ્રેસના જ મત કાપશે. આ બાબતમાં કોઈના પણ મનમાં શંકા હોય તો વિસાવદરનાં પરિણામોએ એ તોડી નાખી છે. વિસાવદરનાં પરિણામોમાંથી બીજો એક બોધ એ પણ નીકળે છે કે, આપ જ્યાં જ્યાં પોતાનાં મૂળિયાં નાખે છે ત્યાં એ પોતાનો મતાધાર વધારે છે. પહેલાં કોંગ્રેસને એકલી બીજેપી ફટકારતી હતી. હવે આપ પણ જ્યારે જ્યારે મોકો મળે ત્યારે કોંગ્રેસનો વાંહો લાલ કરવાનું ચૂકતી નથી. એ પછી ગોપાલ ઈટાલિયા હોય કે ચૈતર વસાવા. રાજુ કરપડા હોય કે પછી ઈશુદાન ગઢવી. ભાજપની માફક જ કોંગ્રેસવિરોધી વાતો કરવાનું એમને ફાવે છે.

અગાઉ ૨૦૨૨માં ચૂંટાયેલા ધારાસભ્ય રાજુ પટેલને એક સરકારી કર્મચારી સાથે મારામારી કરવા બદલ ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. સ્થાનિક કોર્ટે રાજુ પટેલને પોલીસ અધિકારી સાથે મારામારી કરવા બદલ ગુનેગાર ઠેરવી બે વર્ષની સજા કરી હતી. કોઈ પણ એમ.પી. અથવા એમ.એલ.એ.ને રેપ્રેઝન્ટેશન ૧૯૫૮ની કલમ-૮ મુજબ જો બે વર્ષ અથવા તેથી વધારે સજા કરવામાં આવે તો તાત્કાલિક અસરથી ગેરલાયક ઠેરવવામાં આવે છે. આ કારણસર વિધાનસભામાં કડી મતવિસ્તારમાંથી ચૂંટાયેલ ધારાસભ્યની જગ્યા ખાલી પડી હતી. આ રાજુ પટેલને બીજી વાર બીજેપી દ્વારા ચૂંટણીમાં ઊભા રખાતાં તેઓ અગાઉની ૪૮૭૭૧ મતની લીડ વધારીને ૭૯,૫૧૭ મતથી ચૂંટાઈ આવ્યા હતા. આમ બીજેપી અગાઉ કરતાં વધુ લીડથી (૫૯.૦૬ ટકા મત સામે ૬૩.૭૯ ટકા મત) ચૂંટાવી લાવવામાં સફળ રહી હતી. જ્યારે કોંગ્રેસને ૨૦૨૨માં ૩૩.૬૮ ટકા મત મળ્યા હતા તે ઘટીને ૩૧.૦૫ ટકા અને આપને ૪.૧૭ ટકાને બદલે ૩.૨૯ ટકા મત મળ્યા હતા. આમ, જ્યાં ભાજપનો મતદારોમાં હિસ્સો ખૂબ મોટો હોય ત્યાં આપ ભાજપને નુકસાન કરતી નથી.

આગામી ચૂંટણીઓમાં આપ પોતાનાં વધારે ઉમેદવારો ઊભાં રાખશે અને વિસાવદરવાળી કરવાનો પ્રયત્ન કરશે. ટૂંકમાં આ વખતે પણ આપ કોંગ્રેસના મત કાપશે અને વળી પાછી ભારતીય જનતા પાર્ટીની સરકાર એની જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયત ભાજપ સંચાલિત જ રહેશે એટલે વધુ પાંચ વર્ષનો પટ્ટો આપ 'વોટ કટવા'તરીકે કોંગ્રેસના વોટ કાપીને ભાજપની બી ટીમ તરીકે એને મદદરૂપ થવાનું કામ કરશે. લાગણીના આવેશમાં મતદારના હાથમાં 'બકરું હોય તેને વારંવાર કૂતરું છે, કૂતરું છે' એમ કહી ફેંકાવી દેવામાં આમ આદમી પાર્ટીની વિસાવદરવાળી કે પછી વસોયાવાળી કૂટનીતિ ગુજરાતની પ્રજા હજુ પણ નહીં સમજે તો ફરી પાછી ભાજપને પાંચ વર્ષ માટે સત્તાના સિંહાસને બેસાડશે.

હજુ આમાં તાજેતરમાં જે ૯ જેટલી નગરપાલિકાઓ અને ૧૭ જેટલા તાલુકાઓ થકી શહેરી મતને એના તરફ વાળવા માટેની ચાલ ચાલી ચૂકી છે તે જોતાં ગુજરાતમાં ભાજપ સામે, ૧૯૯૦માં કોંગ્રેસ સામે જે રીતે જનતા દળ ગુજરાત અને ભાજપ એક થઈને ચૂંટણી લડ્યા હતા તે રીતે સાચા દિલથી કોંગ્રેસ અને આપ એક નહીં થાય અને કોંગ્રેસ એના મતદારને પાછો જીતી લેવા માટે આક્રમક સંગઠનની રચના કરી સોશ્યલ મીડિયાથી માંડી બધા જ ક્ષેત્રે આક્રમક વ્યૂહરચના નહીં અપનાવે અથવા અગાઉની એની જે નબળાઈઓ હતી તેમાં ફસાવાનું ચાલુ રાખશે તો ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કદાચ બહુ ફરક નહીં પડે પણ વિધાનસભાની ચૂંટણીઓ ભાજપ બાજ જેમ ખિસકોલીને ઉપાડી જાય તેમ આક્રમકતાથી જીતી જાય એવું બનવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી.

આપ પાસે જ્યાં કૉંગ્રેસ જીતે એમ હોય ત્યાં ઉમેદવારો ઊભાં રખાવી અને ભાજપને જીતાડવાની રમત આ વખતે રમાય તો ગુજરાતના મતદારોએ આમ આદમીની આ કૂટનીતિને નિષ્ફળ બનાવવા સુસજ્જ બનવું પડશે. એથી ઊલટું સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં જો આપ અને કોંગ્રેસ સમજૂતીથી ચૂંટણી લડશે તો ભાજપ માટે આવનાર વિધાનસભા કપરાં ચઢાણ હશે. ભાજપમાં અત્યારે ઠેરઠેર અસંતોષ જોવા મળે છે ત્યારે કોંગ્રેસ એનો કેટલો ફાયદો લઈ શકશે તે જોવાનું રહેશે. અત્યારના વાતાવરણનો કૉંગ્રેસ જો ફાયદો ન લઈ શકે અને આપ ભાજપ સાથે સાંઠગાંઠની રાજનીતિ રમશે તો ગુજરાતનું ભાવિ ઊજળું નથી દેખાતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### વિશેષ દિવસે જ કેમ યાદ કરાય છે?

આજના આધુનિક યુગમાં આખું વર્ષ વિશેષ ડેઓથી ભરેલું જોવા મળે છે જેમ કે મધર ડે, ફાધર ડે, ફ્રેન્ડશીપ ડે, વુમન ડે વિગેરે વિગેરે. વિવિધ દિવસોની હારમાળા વચ્ચે એક વાત ખૂબ જ બારીકાઈથી નોટીસ કરવા જેવી છે કે દરેક ડે એ એ વ્યક્તિવિશેષની પ્રશંસામાં આખું સોશ્યલ મિડિયા લાગી જાય છે અને વિવિધ કાર્ડો બનાવવામાં આવે છે. પ્રશ્ન એ છે કે તમારા જીવનમાં દરેક પક્ષની વિશેષ ભૂમિકા અને યાદો જળવાયેલી હોય છે. તેને માત્ર એક ડે ના સ્વરૂપમાં જાહેરમાં પ્રશંસા કરીને મર્યાદિત કરવી જોઈએ નહીં પરંતુ તમારા દિલમાં આ વ્યક્તિવિશેષોનો ખજાનો કાયમી યાદ સ્વરૂપે તેમને જાળવી રાખવો જોઈએ. એ જ તેમનું સાચા સ્વરૂપમાં સાચું મૂલ્યાંકન છે. એના માટે કોઈ પણ વિશેષ ડેની જરૂર નથી.

**મોટા મંદિર, સુરત - રાજુ રાવલ**

### મતતાલિકાનું શુદ્ધિકરણ કરો

અત્યારના એકેય કાઉન્સિલર ના જોઈએ, તેઓ પ્રજાના નહીં, પક્ષના સેવક છે એવી લોકચર્ચા ચાલતી હોય એવા કાળમાં મતદારયાદીની ચકાસણી-સુધારણા થવી જ જોઈએ. ગેરકાનૂની વસાહતોની શોધ કરી વિદેશીઓ- ઘૂસણખોરોને મતદારસૂચિમાંથી હટાવવાનો ઉદ્દેશ હોવો જોઈએ. મતતાલિકા અધ્યતન (અપ-ટુ-ડેટ) કરાય તો મતદાર મૂળ ભારતીય નાગરિક છે કે નહીં એની જાણ જાહેર થાય. બુથ લેવલ ઑફિસર ઘરે ઘરે ત્રણ વખત પહોંચીને મતદારની ઓળખ કરે છે અને નવા લાયક મતદારોને મતદારયાદીમાં જોડે છે. વ્યક્તિના નામની જોડણી/સ્પેલિંગમાં મતિપૂર્વક લખીને યા ભૂલ કરીને અગર એપિક નંબર બદલીને નવા મતદારો ઉમેરી દેવાય છે એવા પ્રતિપક્ષીઓ હાકલાપડકારા મચાવતા હોય છે. કરોડોની સંપત્તિ ધરાવતા રાજનેતાઓ વોટચોરી મુદ્દે હાઈડ્રોજન બૉમ્બ ફોડીને પર્દાફાશ કરવાની રાડારાડ કરતા હોય ત્યારે નિર્વાચન આયોગની મતદારયાદી શુદ્ધિકરણની કાર્યવાહી યથોચિત જ છે. રાજનીતિને નિયમો સાથે કોઈ લેવાદેવા નથી એવા રૂઢ ખ્યાલને સમયસર અને અસરદાર પગલાં મારફત ખોટો ઠરાવી શકાય એમ છે.

**મણિનગર, અમદાવાદ - જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

### સુપ્રીમ કોર્ટ - વાચાળતા ખરી પણ કાર્યસાધકતા નહીં

ગુ.મિ. ચર્ચાપત્ર વિભાગમાં 'સુપ્રીમ કોર્ટની શિક્ષકોની સ્થિતિ અંગે ટિપ્પણી' ચર્ચાપત્ર હેઠળ ચર્ચાપત્રી લખે છે, 'ગુજરાત રાજ્યમાં કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસરો અને રેગ્યુલર પ્રોફેસરો વચ્ચે પગારના મોટા તફાવત અંગે સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઝાટકણી કાઢી હતી. આ સંદર્ભે અત્રે એ નોંધવું ઉચિત રહેશે કે નજીકના ભૂતકાળમાં કંઇ કેટલાય કેસમાં સુપ્રીમ કોર્ટ સરકાર કે શાસન પ્રણાલી વિરુદ્ધ અર્થસભર ટિપ્પણીઓ કરતી રહી છે (જેનાથી મગરની ચામડી ધરાવતા શાસકો પર કોઈ ઝાઝી અસર પડતી હોવાનું જણાતું નથી) પરંતુ તે શાસકોને સ્પષ્ટ દિશાનિર્દેશ કે હુકમ આપતા બચતી રહી છે! શું સુપ્રીમ કોર્ટનું કાર્યક્ષેત્ર ફક્ત ટિપ્પણીઓ કરવામાં જ સીમિત થઈ જાય છે? જો ખરેખર એમ હોય તો તેને સુપ્રીમ કોર્ટની વાચાળતા જ લેખી શકાય, કાર્યસાધકતા નહીં.

**નવસારી - કમલેશ આર. મોદી**

### મો'બાઈ'લ ખતરો તો જગજાહેર હતો, છે અને રહેશે

ગુજરાતમાં સોશ્યલ મિડિયાના પગરણ મંડાવનારના શ્રેયાર્થી હતા અંબાણી જૂથ. એમણે જ 'કરલો દુનિયા મુઠ્ઠીમેંનું ખૂબ'જ લાલચી સૂત્ર લોકોના કાનમાં ગૂંજતુ કર્યુ. એ સમયના શાસકો પણ પાર્ટિફંડના નફા-નુકશાને કોઈ પણ ભોગે સમતલ કરવા ઉદ્યોગપતિના ખોળે જામી જતા. સમય જતા આજે ગુજરાત બીજુ બિહાર બની જ ગયુ છે. સરકાર અને પોલીસ સમક્ષ રજૂઆત બાદ પણ ઘણા સામાજિક અને આર્થિક ગુનાઓનું અટકવાનું નામ નથી લેતા એ હકીકત છે. મોબાઈલને કારણે દેશભરના વિવિધ રોજબરોજ કુમળી વયની દિકરીઓ પિંખાતી રહી, મોતને ઘાટ ઉતરતી રહી છે, કંઈક કેટલીય સ્ત્રીઓ પર અત્યાચારો, ભારતીય સંસ્કૃતિની પર અસર, લગ્ન વ્યવસ્થા પર અસર, દેશભરમાં કુંવારાઓની સંખ્યા અધધ વધી રહી છે. તેનું કારણ આ મોબાઈલ જ છે. મોટાભાગના તકસાધુ, સત્તાવાળાઓએ શરૂઆતથી જ આવા પ્રકારના મોબાઈલના ઉત્પાદન, વપરાશ અને વેચાણ વિતરણના કાયદા કાનૂન અને એમાં ય ખાસ કરીને કાયદેસરના વેશ્યાલયોના પરવાના આપવાની બાબતો પર સતર્ક થવાની ખૂબ જરૂરિયાત હતી છે. જો કે, આપણા દેશમાં અત્યારે તો લોકશાહી શાસન હોઈ સહુકોઈ નાગરિકોએ પણ પોતાના નાગરિક ધર્મ બાબતે સજાગ થઈ. પોતે અને પોતાના સંતાનોને મોબાઈલ ફોનની ખરીદી અને વપરાશ અંગેની વયની પુખ્તતા, મનોરંજન અને જરૂરિયાતના અનમોલ પાઠ ભણવા અને ભણાવવા પડશે,

**સોનીફળિયા, સુરત - પંકજ મહેતા**

### દિવાળીની બોણી-બક્ષિસ

તાજેતરમાં ઉપરોક્ત વિષયનો પત્ર વાંચ્યો. સુરત, ગુજરાત કે પછી સમસ્ત રાષ્ટ્રમાં આ એક પરંપરા ચાલતી આવી છે. અમેરિકા રહેતા એક મિત્ર સાથે આવકવેરા વિશે ચર્ચા કરતા જાણવા મળ્યુ કે ત્યાં પણ આ પરંપરા છે જ અને એ પણ આને 'એક નંબર'ની આવક ગણવામાં આવે છે. ગરીબ કહી શકાય એવા 'નાગરિક'ની આ આવકને ત્યાં કરમુક્ત ગણવામાં આવે છે એ ધ્યાનમાં લેવા જેવુ છે. પરંતુ આપણી વાત કરીએ. દિવાળીના સમયની આ 'આવક'ને મહદ્અંશે બોનસ સાથે સરખાવી શકાય. પગારદાર વ્યક્તિ બરાબર કામ કરે. નિષ્ઠાપૂર્વક મહેનત કરે, આને માટે માત્ર દિવાળીએ જ નહીં, વર્ષમાં ગમે ત્યારે અથવા અને ગમે તેટલી વાર આવા ચૂકવણા એડમ અને મુરાલ પણ સારા ઊભા કરે છે. નાના માણસ માટે આ નાની રકમ પણ ઘણી જ ઉપયોગી થઈ પડતી હોય છે. આ ચર્ચાપત્ર પ્રગટ થશે ત્યારે તો એ જ પાછા યંત્રવત જીવનનો પ્રારંભ થઈ ગયો હશે. બસ તો ફરી પાછા પરમાત્મા એ સર્જેલ મોહ-માયાની જાળમાં મગ્ન થઈ જઈએ, કેમ કે મહાપ્રભૂજી (વલ્લભાચાર્યજી) એ કહ્યું છે તેમ બ્રહ્મ પણ સત્ય છે અને જગદ્ પણ સત્ય છે. અસ્તુ.

**પાલણપોર, સુરત - ચેતન સુશીલ જોષી**

### ચારેકોર ભેળસેળ

ભાજપની સમગ્ર ભ્રષ્ટ મંડળીમાં એક નીતિન ગડકરી તરફ થોડું આશાનું કિરણ દેખાતું હતું, પરંતુ થોડાક વખતથી તેમના દિકરાઓના કરોડો રૂપિયાના કાળાધોળા કારોબારથી એ આશાનું કિરણ પણ ઝબકીને હોલવાતું દેખાય રહ્યું છે. ગડકરી કહેતાં હતા કે પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાથી દેશનું હુંડિયામણ બચશે, પેટ્રોલ સસ્તું થશે, વાહનની એવરેજ વધશે, (જોકે વાહન એક્સપર્ટનું કહેવું છે કે પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાથી વાહનની આવરદા ઘટી શકે છે.) નીતિન ગડકરી પર જ્યારે દિકરાઓના ધંધાને ફાયદો કરાવવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો ત્યારે બચાવ કરતા તેમણે કહ્યું કે, હું કંઈ આ પૈસા કમાવવા માટે નથી કહેતો, મારું મગજ દર મહિને ૨૦૦ કરોડ રૂપિયા કમાઈ શકે એવું સક્ષમ છે. જો રાજકારણમાં પડ્યા વગર તમારું મગજ મહિને ૨૦૦ કરોડ કમાઈ શકતું હોય તો પછી રાજકારણમાં આવવાની જરૂર શું હતી? પેટ્રોલમાં ઈથેનોલ મેળવીને વેચાણ થાય છે છતાં પ્રજાને સસ્તુ પેટ્રોલ મળતું નથી, સસ્તુ ક્રૂડ ખરીદાયુ છતાંય પ્રજાને સસ્તુ પેટ્રોલ-ડીઝલ મળ્યું નહીં. શા માટે સરકાર પેટ્રોલ પંપ પર ઈથેનોલ ભેળવેલું પેટ્રોલ અને શુદ્ધ પેટ્રોલ એમ બે અલગ ભાવથી પેટ્રોલ વેચતી નથી? જેમ વેપારીઓ ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરે છે એમ સરકાર પેટ્રોલમાં ભેળસેળ કરે તો પ્રજાએ ક્યાં જવું? કાયમ કોંગ્રેસના વંશવાદની ટીકા કરતી સમગ્ર ભાજપ મંડળી અત્યારે પોતાના સંતાનો કરોડો રૂપિયામાં આળોટી શકે એવી જોગવાઈ કરવામાં મશગુલ છે.

**સુરત - પ્રેમ સુમેસરા**